**તૈયાર થયેલા ઘઉં, જીરૂ જેવા પાકને નુકસાન થવાની ભીતિ**

## કરજણમાં કમોસમી વરસાદની એન્ટ્રી, ગરમીમાંથી રાહત સાથે ખેડૂતોમાં ચિંતા

(પ્રતિનિધિ) કરજણ, તા.7
કરજણ નગરમાં કમોસમી વરસાદની શુભ શરૂઆત સાથે હવામાનમાં અચાનક પલટો જોવા મળ્યો છે. India Meteorological Department (હવામાન ખાતા)ની આગાહી મુજબ વિસ્તારમાં પવનના સુસવાટા સાથે કાળા ડીબાંગ વાદળો છવાઈ ગયા હતા અને બાદમાં જીણા જીણા છાંટાં સાથે હળવો વરસાદ વરસ્યો હતો.

આ વરસાદ ભારે ન હોવા છતાં શહેરના વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી વધતી ગરમીથી પરેશાન નાગરિકોને



આ વરસાદે મોટી રાહત આપી છે. બજારો અને મુખ્ય રસ્તાઓ પર લોકો બદલાયેલા મોસમનો આનંદ લેતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક વિસ્તારોમાં બાળકો વરસાદમાં રમતા પણ નજરે પડ્યા હતા.

જોકે, આ કમોસમી વરસાદ ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. હાલના સમયમાં ઘણા ખેડૂતોએ તેમના પાકને અંતિમ તબક્કામાં પહોંચાડ્યો છે, ત્યારે અચાનક પડેલા વરસાદને કારણે પાકને નુકસાન થવાની ભીતિ ઉભી થઈ છે. ખાસ કરીને ઘઉં, જીરુ અને અન્ય પાક પર તેની અસર થઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાન ખાતા દ્વારા આગામી દિવસોમાં પણ પવન સાથે હળવા વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતોને જરૂરી સાવચેતીઓ રાખવા અને પાકની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવા સૂચન કરવામાં આવ્યું છે. સાથે જ નાગરિકોને પણ બદલાતા હવામાનમાં આરોગ્યની કાળજી રાખવા સલાહ આપવામાં આવી છે.

આ રીતે કરજણમાં કમોસમી વરસાદે એક તરફ ગરમીમાંથી રાહત આપી છે, તો બીજી તરફ ખેતી ક્ષેત્ર માટે નવી ચિંતાઓ ઊભી કરી છે.

## છોટાઉદેપુરમાં ૧૦ વર્ષ બાદ સૈયદના સાહેબનું આગમન



છોટાઉદેપુર : છોટાઉદેપુર નગર માટે રવિવાર અને સોમવારનો દિવસ ઐતિહાસિક અને ભક્તિસભર બની રહ્યો હતો. દાઉદી વ્હોરા સમાજના ૫૩માં દાઈ-અલ-મુતલક ડોક્ટર સૈયદના આલી કદર મફદ્દલ સૈફુદ્દીન સાહેબ ૧૦ વર્ષના લાંબા અંતરાલ બાદ છોટાઉદેપુર પધારતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. મૌલાનાના દર્શન માટે ઉમટેલી જનમેદની અને કોમી એકતાના દ્રશ્યોએ નગરમાં એક અનોખો માહોલ સર્જ્યો હતો. અલિરાજપુરથી પ્રવાસ ખેડીને ૫મી એપ્રિલ, રવિવારની સાંજે સૈયદના સાહેબ છોટાઉદેપુર ખાતે પધાર્યા હતા.

## ૧૬ વર્ષ સુધી દેશની સેવા કરીને પરત ફરેલા આર્મી જવાનું બોડેલી ચાર રસ્તા ખાતે ભવ્ય સ્વાગત

**જવાને** દેશની સેવા કરીને ગામ અને તાલુકાનું નામ ગૌરવવંતું બનાવ્યું

(પ્રતિનિધિ) બોડેલી, તા.7
બોડેલી તાલુકાના ડોરમાર ગામના એક ગૌરવપૂર્ણ પળે આજે સમગ્ર વિસ્તારમાં દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. દેશની સેવામાં વર્ષો સુધી પોતાની ફરજ બજાવી રહેલા આર્મીના જવાન નિવૃત્ત થતાં તેઓ પોતાના વતન પરત ફર્યા હતા, જ્યાં બોડેલી-અલીપુરા ચાર રસ્તા ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

નિવૃત્ત જવાનના આગમન



સમયે સ્થાનિક લોકો, મિત્રો, પરિવારજનો અને ગામલોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તાળીઓના ગડગડાટ અને "ભારત માતા કી જય" તથા "વંદે માતરમ" જેવા નાદ વચ્ચે જવાનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ફૂલહાર પહેરાવીને અને તિલક કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ જણાવ્યું હતું કે, જવાને દેશની સેવા કરીને ગામ અને તાલુકાનું નામ ગૌરવવંતું બનાવ્યું છે. તેમની નિષ્ઠા, સમર્પણ અને બહાદુરી યુવાનો માટે પ્રેરણારૂપ છે.

જવાને પણ પોતાના સંબોધનમાં દેશસેવાના અનુભવ શેર કર્યા હતા અને કહ્યું હતું કે દેશ માટે સેવા કરવાનો મોકો મળવો એ ગૌરવની વાત છે. તેમણે યુવાનોને પણ દેશસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ અને ગર્વનો માહોલ છવાયેલો રહ્યો હતો. બોડેલી તાલુકાના લોકો માટે આ એક યાદગાર ક્ષણ બની રહી હતી, જ્યાં એક વીર જવાનને તેમના સમર્પણ બદલ હાર્દિક સન્માન આપવામાં આવ્યું હતું.

**ગ્રામજનોએ મામલતદાર, કલેક્ટરને રજુઆત કરવામાં આવી**

## સાવલી તાલુકાના વડદલા ગામે ગૌચરની જમીનમાં દબાણો, ગ્રામજનોમાં આક્રોશ

(પ્રતિનિધિ) સાવલી, તા.7
સાવલી તાલુકાના વડદલા ગામે આવેલ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણોનો આક્ષેપ કરીને ગ્રામજનોએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી ને લેખિતમાં રજૂઆત કરી કસુર વારો સામે પગલા ભરવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.

સાવલી તાલુકાના વડદલા ગામે આવેલ ગૌચરની જમીનમાં કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે કબજો જમાવીને બેઠા છે અને તેમાં મોટા પાયે પાકા બાંધકામ કરી દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ દબાણો ના કારણે ગામના પશુઓને ચરવા માટેની જગ્યા રહી નથી અને પશુપાલકોને પશુ ધન પાલવવામાં ભારે હાલાકી પડી રહી છે. ગામના કેટલાક ઈસમો દ્વારા પૈસા કમાવાની લાલચમાં વડદલા ગામ ની નવી નગરી તથા તેની આજુબાજુમાં આવેલ કીમતી અને મૂલ્યવાન ગોચર જમીનોમાં ગેરકાયદેસર દબાણો કરીને પાકા મકાનો અને રૂમો બાંધી દીધા છે. અને આ જ મકાનો પરપ્રાંતીઓને ભાડે આપવામાં આવે છે અને પૈસા કમાવવામાં આવે છે. અને આ દબાણો કરનારા લોકો હાલ પંચાયત બોડીમાં છે. તેમના દ્વારા પણ મોટા પ્રમાણમાં દબાણો કરીને બાંધકામ કરી દીધેલ છે જેથી પંચાયત દ્વારા પણ કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. આ પ્રકારના લેખિત આક્ષેપો કરીને ગેરકાયદેસર દબાણો દૂર કરવા અને કાયદેસરની કાર્યવાહી કરી તાત્કાલિક ભરવા પગલા ભરવા માટે ની માંગ કરતો પત્ર અરજદાર પઠાણ શાહનવાઝ ખાન નશીરખાને ઉપરોક્ત લેખિત આક્ષેપ કરીને જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી મામલતદાર સાવલી અને તાલુકા વિકાસ અધિકારી સાવલીને પત્ર પાઠવ્યો છે.

## શીરોલા ગામની સીમમાં 16 વર્ષીય યુવકનું વીજ કરંટ લાગતા મોત

ટ્રકની બોડીમાં પડેલ પંજેટીના દાતા ગળાના ભાગે વાગી જતા સ્થળ પર જ મૃત્યુ થયું હતું

(પ્રતિનિધિ) ડભોઇ, તા.7
ડભોઇ તાલુકાના શિરોલા ગામની સીમ માં 16 વર્ષીય યુવક ટ્રકની કેબીન ઉપર મુકેલ પાવડા, તેમજ તગારા લેવા ચઢતા ટ્રકની કેબીન ઉપરથી પસાર થતા વીજ વાયર ને અડી જતા કરંટ લાગતા ટ્રક ની પાછળ ની બોડીના ભાગે પટકાયો હતો જ્યાં ટ્રકની બોડીમાં પડેલ પંજેટીના દાતા ગળાના ભાગે વાગી જતા સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

મળતી માહિતી માહિતી મુજબ મૃત્યુ પામનાર યુવકનું નામ કમલેશભાઈ ભગોરા છે



જે દાહોદ જિલ્લાના રહેવસી છે. બનાવ ના પગલે પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયી હતીને યુવકના મૃતદેહને પી.એમ અર્થે ખસેડી આગળની કાયદેસરનીં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મરણ પામનાર યુવક મજૂરી કામ અર્થે આવ્યો હોવાની માહિતી છે. પરંતુ તેની ઉંમર 16 વર્ષની છે તે જોતા બાળ મજૂરી કરાવનાર સામે કકડ તેમજ કાયદેસરનીં કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

**પ્રજાના વિરોધ ખાળવા પાર્ટીએ ગાઇડ લાઇન બહાર પાડવી પડી**

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નિયમોને લઈ ડભોઈમાં કેટલાયના અરમાન અધરમાં

(પ્રતિનિધિ) ડભોઇ, તા.7
ગુજરાત ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમા પ્રજા ના વિરોધને ખાળવા કેટલીક ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે જેમાં ૬૦ વર્ષની ઉંમરનો બાધ, સતત ત્રણ ટર્મથી ચૂંટણી લડેલા ઉમેદવાર અને પદાધિકારીઓના પરીવાર જનો ને ટીકીટ આપવામાં નહીં આવે જેમાં ડભોઇ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મા કેટલાયના અરમાન પુરા નહીં થાય ડભોઇ નગરપાલિકામા કેટલાક પદાધિકારીઓના સગાસંબંધીઓ એ ટીકીટ માંગી



છે ડભોઇ નગરપાલિકામા ૯ વોર્ડ ૧૫૦ ઉપરાંત દાવેદારો એ સેન્સ પ્રક્રિયા મા ભાગ લીધો હતો.

આધાર ભુત સુત્રો માંથી જાણવા મળ્યાં મુજબ ડભોઇ નગરપાલિકાની ચૂંટણીમા દાવેદારો પોતાના રાજકીય ગોડ ફાધર નો ઝભ્ભો પકડી ટીકીટ માટે ધમપછાડા કરી રહ્યા છે કેટલાક દાવેદારો વોર્ડ બદલવાની ફિરાક મા છે જયારે તાજેતરમાંજ ભાજપમા જોડાયેલા ઓ ને પણ ઉંમર ના બાધને કારણે જિલ્લા પંચાયતના ભરોસે પાર્ટી બદલવાનો નિર્ણય માથે પડે એમ લાગી રહ્યું ડભોઇ નગરપાલિકામા પણ ભાજપ સંગઠનના કેટલાક હોદ્દેદારો ના સ્વજનો એ પણ ટિકિટ માંગી છે ડભોઇ નગરપાલિકા ના ૯ વોર્ડ મા નવાજ ઉમેદવારો આવશે એમ હાલ લાગી રહ્યું છે.

**વનવિભાગને કરવાની હોય તે કામગીરી મામલતદારે કરી**

## નસવાડી મામલતદારે જોખમી રીતે લાકડા ભરીને જતું ટ્રેક્ટર ઝડપી પાડ્યું

(પ્રતિનિધિ) નસવાડી, તા.7
નસવાડી તાલુકાના કંડવા ગામ પાસે થી જોખમી રીતે ગેરકાયદેસર લાકડા ભરીને જતા ટ્રેક્ટર ને નસવાડી ના મામલતદારે એ ઝડપી પાડ્યું. જ્યારે આ કામગીરી વનવિભાગ ના કર્મચારીઓ એ કરવાની હોય છે પરંતુ વનવિભાગ ના કર્મચારીઓ તેઓની કામગીરી ના કરતા નસવાડી તાલુકાના મામલતદાર વિરાજસિંહ ડી. સિસોદીયા ને જોખમી રીતે લાકડા લઈ જતું ટ્રેક્ટર પકડવું પડ્યું. જ્યારે હાલ તો નસવાડી મામલતદારે ટ્રેક્ટર પકડી ને નસવાડી વનવિભાવ ને સોંપ્યું છે જેમાં વધુ તપાસ હાથ ધરતા લાકડા ભરેલું ટ્રેક્ટર માં કોઈ



પણ પાસ કે પરમીટ ના હતી અને જોખમી રીતના લાકડા ભરીને લઈ જવાતા હતા તેવું તપાસ માં બહાર આવ્યું. જ્યારે નસવાડી તાલુકામાં વૃક્ષ નિકંદન ની પ્રવૃતિ મોટા પાયે થઈ રહી છે જેના કારણે પર્યાવરણ ને ઘણું નુકશાન થઈ રહ્યું છે જ્યારે આ વૃક્ષ નિકંદન ની કામગીરી રોકવા માટે સરકાર દ્વારા વનવિભાગ ના કર્મચારી ઓની નિમણૂક કરી હોવા છતાંય તેઓની નજર હેઠળ વૃક્ષો નું મોટા પાયે નિકંદન થઈ રહ્યું છે.

## પાદરા નગરપાલિકા ચૂંટણી પહેલા ભાજપમાં ટિકિટ માટે જંગ તેજ, 28 બેઠકો માટે 171 ફોર્મ ઉપડ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.7
પાદરા નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને ભાજપમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા દરમિયાન પક્ષની અંદર જ ભારે સ્પર્ધા અને ગતિવિધિઓ જોવા મળી રહી છે. માત્ર બે દિવસમાં ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો માટે ૧૭૧ ફોર્મ ઉપાડવામાં આવ્યા છે, જેમાં બીજા દિવસે જ ૫૬ ફોર્મ નો ઉપાડ થયો હોવાનું જાણવા મળે છે. પરંતુ હજી સુધી એક પણ ફોર્મ ભરાઈ ને પરત આવેલ નથી.

તાજેતરમાં કરજણ ખાતે ભાજપ દ્વારા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં પૂર્વ પ્રમુખો, સંગઠનના હોદ્દેદારો, પૂર્વ તથા વર્તમાન કોર્પોરેટરો અને સંભવિત ઉમેદવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આવનારી ચૂંટણી માટે ઉમેદવારી ટિકિટ અંગે 'સેન્સ' લેવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ અનેક વોર્ડોમાં પતિ-પત્ની બંનેએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે, જેના કારણે યોગ્ય ઉમેદવાર પસંદગી પક્ષ માટે પડકારરૂપ બની છે. કેટલાક વિસ્તારોમાં એક જ પરિવારના એકથી વધુ સભ્યો દ્વારા ટિકિટ માગવામાં આવી રહી હોવાની પણ ચર્ચા ચાલી રહી છે.

અગાઉ પાદરા નગરપાલિકામાં થયેલા વિવાદોને કારણે ભાજપની છબી પર અસર પડી હતી. તેથી આ વખતે પક્ષ વધુ સાવચેતી સાથે ઉમેદવારોની પસંદગી કરવાની તૈયારીમાં છે. સંગઠનના વરિષ્ઠ નેતાઓ જીતની સંભાવના, સ્થાનિક લોકપ્રિયતા અને કાર્યકર્તાઓ સાથેનો સંપર્ક જેવા મુદ્દાઓને આધારે ઉમેદવારો પસંદ કરશે તેવી શક્યતા છે.

પાછલી ચૂંટણીમાં જીતેલા ઘણા કોર્પોરેટરો ફરીથી ચૂંટણી લડવા આતુર છે, જ્યારે કેટલાક સિનિયર નેતાઓ પોતાના પરિવારજનોને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહ્યા છે. ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા નેતાઓમાં પણ આ વલણ જોવા મળી રહ્યું છે, જેના કારણે પક્ષમાં આંતરિક સ્પર્ધા વધુ તીવ્ર બની છે. "પાદરા માટે અલગ નિયમ આવશે?" તે મુદ્દે પણ ચર્ચાઓ તેજ બની છે. આ સમગ્ર પરિસ્થિતિમાં હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ભાજપ અંતે કોને ટિકિટ આપે છે.

## શિનોર ખાતે આવેલી બેન્ક ઓફ બરોડા શાખામાંથી સાઈબર ફ્રોડ

(પ્રતિનિધિ) શિનોર, તા.7
વડોદરા જિલ્લાના શિનોર ખાતે આવેલી બેન્ક ઓફ બરોડા શાખામાંથી સાઈબર ફ્રોડ દ્વારા અનેક બેન્ક ગ્રાહકોના ખાતામાંથી નાણાં ઉપાડી લેવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ બનાવને પગલે બેન્ક ગ્રાહકોમાં તેમના જમા નાણાંની સુરક્ષા અંગે ભારે ચિંતા વ્યાપી છે. મળતી માહિતી મુજબ, દેના બેંક પૂર્વે નું બેન્ક ઓફ બરોડામાં વિલીનીકરણ થતા હાલ શિનોર ખાતે બેન્ક ઓફ બરોડા શાખા કાર્યરત છે. આ શાખાના અંદાજે સાત જેટલા ગ્રાહકોના ખાતામાંથી રૂપિયા 7,000 થી 10,000 સુધીની રકમ સાઈબર માફિયાઓ દ્વારા ફ્રોડ કરીને ઉપાડી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ફ્રોડનો ભોગ બનેલા ગ્રાહકો દ્વારા તાત્કાલિક બેન્ક શાખામાં પહોંચી બ્રાન્ચ મેનેજરને જાણ કરવામાં આવી હતી.

બ્રાન્ચ મેનેજરના જણાવ્યા મુજબ, ક્યાંક આધાર ઑથેન્ટિકેશન માટે અપાયેલ અંગૂઠાની છાપ (ફિંગરપ્રિન્ટ) કેપ્ચર થવાથી તેનો દુરુપયોગ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ રીતે બાયોમેટ્રિક માહિતી લીક થવાથી સાઈબર ફ્રોડ થયાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. બેન્ક દ્વારા આ સમગ્ર મામલે તેમના આઈટી વિભાગને જાણ કરવામાં આવી છે અને ઑનલાઈન પોર્ટલ પર ફરિયાદ નોંધાવી તપાસ હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે જ ભોગ બનનાર ખાતાધારકોને સાઈબર ક્રાઈમ સેલમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

## શિનોર ખાતે વિશ્વ સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે આરોગ્ય જાગૃતિ રેલી યોજાઈ

શિનોર : વડોદરા જિલ્લાના શિનોર તાલુકાનાસાધલી ગામેવિશ્વ સ્વાસ્થ્ય દિવસની ઉજવણી નિમિત્તે લક્ષ્મીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ દ્વારા ભવ્ય આરોગ્ય જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં નર્સિંગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને શહેરમાં વિવિધ માર્ગો પર ફરી લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓએ હાથમાં બેનરો અને સુત્રલેખો લઈને "સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન એ સુખી જીવનની ચાવી છે" જેવા પ્રેરણાદાયી સંદેશો સાથે જનજાગૃતિ અભિયાન ચલાવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી, જ્યાં સ્થાનિક લોકોએ પણ આ પ્રયાસને બિરદાવ્યો હતો.

**એક દિવસમાં 3 થી 4 વાર ફોલ્ટ થવાના કારણો બતાવવામાં આવતા રોશ**

## જબુગામ સહિત અન્ય ગામોમાં છેલ્લા ચારથી પાંચ દિવસમાં વીજ કાપથી જનતા ત્રાહિમામ

**ખેડૂતોને** સિંચાઈ માટે પણ ભારે તકલીફ વેઠવાનો વારો

(પ્રતિનિધિ) બોડેલી, તા.7
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ સહીત કેટલાક ગામોમાં છેલ્લા ચાર થી પાંચ દિવસમાં વીજ કાપ ને લઇ લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા દિવસમાં વારંવાર ટ્રીપીંગ આવતા જાગૃત નાગરિકો દ્વારા ટેલિફોનિક પૂછપરછ કરવામાં આવે છે ત્યારે લાઈન ફોલ્ટમાં ગઈ છે એવું જણાવી કેટલીક વારતો કલાકો સુધી વીજળી કાપી લેવામાં આવે છે એવુ



સ્થાનિકો જણાવી રહ્યા છે તો આવી તો કેવી લાઈન છે કે વારંવાર ફોલ્ટમાં આવી જાય છે આ બાબતને લઈ સ્થાનિકો ખૂબ જ હેરાન થઈ રહ્યા છે ઉનાળાના સમયના કારણે ગામમાં ગ્રામ પંચાયત દ્વારા બે સમય પાણી છોડવામાં આવતું હોય છે જ્યારે વારંવાર વીજ પુરવઠો ટ્રિપિંગ થતા ગ્રામ પંચાયતના સંગ્રહની ટાંકીમાં પણ પાણી ભરાવવા માટે ભારે હેરાન ગતિ થતી હોય છે જેને લઇ કેટલીક વાર ગામમાં પાણી પણ એક જ સમયે આવતું હોય છે હાલ એપ્રિલ મહિનાની ધમધમતી ગરમી અને પછી વીઝ કાપ એ કેટલું યોગ્ય, જેથી કરીને યોગ્ય રીતે વીજળી પૂરી પાડવામાં આવે એવી માંગ ઉઠી રહી છે, સ્થાનિકો દ્વારા આક્રોશ વ્યક્ત કરતા જણાવવામાં આવે છે કે વીજળીનું બિલ થોડું પણ બાકી હોય તો તરત મીટર કાપી જાય છે તો પછી વ્યવસ્થિત વીજ પુરવઠો કેમ આપવામાં આવતો નથી.

**છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં 32 બેઠકો છે**

## 31 ઝેર બેઠકના ઉમેદવારે ચૂંટણીનું ફોર્મ નહીં ભરવાની સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7
રાજેશ લગામીનો આક્ષેપ છે કે તાલુકા પંચાયતની ટીમ બનાવવા માટે પાર્ટી ના જિલ્લા અને તાલુકાના સંગઠોને બે દિવસથી તાલુકા પંચાયતના ઉમેદવારોની સીટ બદલવા માટે રજૂઆત કરવા છતાંય મારી રજૂઆત ધ્યાને લેવામાં નહીં આવી ધારાસભ્ય ચૈતર વસાવા ને પણ રજૂઆત કરવામાં આવી હોવા છતાંય મારી રજૂઆતના સાંભળતા હું ફોર્મ નહીં ભરું તેવું નિવેદન સોશિયલ મીડિયા ઉપર મૂકતા આમઆદમી પાર્ટીમાં ભૂકંપ સર્જાયો છે. જ્યારે પાછલા દરવાજે આ ઉમેદવારને ભાજપ લઈ જવા માંગે છે આમઆદમી પાર્ટીમાં દિવસે દીવસે ભંગાણથી છોટાઉદેપુર જિલ્લામાં આમઆદમી પાર્ટીને ભારે નુકશાન થશે.

છોટાઉદેપુર જિલ્લા પંચાયત માં 32 બેઠકો છે અને જિલ્લા પંચાયત ની ચૂંટણીઓ જાહેર થઈ છે. ફોર્મ ભરવાના બીજા દિવસે છોટાઉદેપુર જિલ્લાના રાજેશભાઈ રાઠવા લગામી તરીકે ઓળખાઈ છે તેઓને આમઆદમી પાર્ટી 31 ઝેર જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા જ્યારે તેઓ ભાજપ માંથી આમઆદમી પાર્ટી માં જોડાયેલ જેને 6 માસનો સમય થયો છે. હાલ ઝેર જિલ્લા પંચાયત બેઠક છોટાઉદેપુ ના સાંસદ જસુભાઈ રાઠવનો ગઢ ગણાઈ છે જ્યારે રાજેશ લગામીએ આમઆદમી પાર્ટીના નેતાઓ ઉપર અને તાલુકા અને જિલ્લાના સંગઠન ઉપર આક્ષેપ સોશિયલ મીડિયા લગાવ્યા છે.

## જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીને લઈને કર્મચારીઓને તાલીમ અપાઈ

**168** બુથ ઉપર 800 કર્મચારીઓ ફરજ બજાવશે

(પ્રતિનિધિ) નસવાડી, તા.7
નસવાડી તાલુકામાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત ની 5 બેઠકો અને તાલુકા પંચાયત ની 22 બેઠકો આવેલી છે.જ્યારે ચૂંટણી ના ફોર્મ ભરવાના બીજા દિવસે નસવાડી મામલતદારે તાલુકા સેવાસદન માં ચૂંટણી માં ફરજ બજાવનાર કર્મચારીઓની તાલીમ રાખવામાં આવી હતી આ વખતે ચૂંટણી માં કર્મચારીઓ કોઈ ભૂલ ના કરે તે માટે તમામ કર્મચારીઓને નિયમો સમજાવવામાં આવ્યા હતા જ્યારે નસવાડી



તાલુકામાં ચૂંટણી ને લઈને હાલ અધિકારીઓ કાળજી રાખી રહ્યા છે જ્યારે નસવાડી તાલુકામાં 168 બુથ આવેલા છે 800 જેટલા કર્મચારીઓ ચૂંટણી ની કામગીરી માં જોતરાશે અને મતદાન મથક ઉપર મતદાન કરવાની કામગીરી માં તેમજ મત ગણતરી માં ઈવીએમ આપવા અને લેવા માટે કર્મચારીઓ કામગીરી કરશે જ્યારે તારીખ 10 એપ્રિલ ના રોજ છોટાઉદેપુર જિલ્લા કલેકટર કચેરી દ્વારા ઈવીએમ મશીનો તમામ તાલુકા મથક ના મામલતદારો ને ફાળવવામાં આવશે છોટાઉદેપુર જિલ્લામાં ચૂંટણી ને લઈને તમામ કર્મચારીઓ કામગીરી માં જોતરાયા છે હાલ તો કચેરીઓમાં રાજકારણનીઓની દખલ ગિરિ તેમજ સરકારી કાર્યક્રમો આચાર સંહિતા ના લીધે બંધ થઈ જતા કર્મચારીઓની નજર ચૂંટણી ની કામગીરી ઉપર છે તાલુકા મથક ના અધિકારીઓ પણ ચૂંટણી ની કામગીરી માં પડ્યા છે.હાલ તો રાજકીય પાર્ટી ભાજપ ઉમેદવારો જાહેર નથી કર્યા પરંતુ અધિકારીઓની ચૂંટણી ને લઈને કામગીરી પૂર જોશ માં ચાલી રહી છે.